# ભગવાન મહાવીરના ઉપાસકોને

[ વૈશાળી સમ્મેલનમાં :મહાવીર-જયંતિ પ્રસંગે શ્રી ફતેહચંદ બેલાએ આપેલા વ્યાખ્યાનનો સાર ભાગ નીચે આપવામાં આવ્યો છે. —તંત્રી]

ગયા ડીસેંબર માસમાં ભારતીય ઇતિહાસ પરિષદની મીટિંગ વખતે શ્રીમાન બાબુ દીત્નારાયણસિંહ ( વૈશાળી સંઘના ઉપપ્રમુખ)ને મળવાનું થયું ત્યારે એમણે વૈશાળી સંઘ સંબંધી વાતચીત કરી હતી. તે વખતે મેં કહ્યું હતું કે વૈશાળીનું ઐતિહાસિક મહત્ત્વ જાળવવા માટે મહાવીરના જન્મોત્સવને નિમિત્તે ઉત્સવ રાખવો જોઇએ. તેમને એ વાત ગમી. પરિણામે આજે સાંજે અહીં મહાવીરના જન્મ પછી ૨૫૦૦ વર્ષે સૌથી પહેલી જયંતિ તેમના જન્મસ્થાનમાં ઉજવાય છે એ આનંદની વાત છે.

ભ. મહાવીરનું જીવન એ લખવાબોલવાની વસ્તુ નથી. એ એક આચરણ છે અને અનુભૂતિનો વિષય છે. તેને આચરણમાં પરિણત કરીને જ બતાવી શકાય, શબ્દોમાં એ સામર્થ્ય જ નથી. અનુભૂતિ મેળવી શકે, એ તો માત્ર ખોખલું સાધન છે.

ભ. મહાવીરનું નામ લેતાં જ નજર બિહાર તરફ ખેંચાય છે. બિહારનું એ ગૌરવ છે કે આવા મહાપુરૂષને તેણે જન્મ આપ્યો, જેણે અહિંસાને જીવનમાં ચરિતાર્થ કરીને દેશના હિંસક જીવનને અહિંસામાં ફેરવી નાખ્યું. ભ. બુધ્ધે પણ ઉપદેશ માટે બિહારને જ પસંદ કર્યો અને ગાંધીજીએ પણ ભારતમાં સત્યાગ્રહનો પહેલો પાયો બિહારમાં નાંખ્યો. આ ત્રણે સૌથી મોટી વિભૂતિઓએ પોતાના જીવન-ધ્યેયનો પાયો બિહારમાં નાંખ્યો એ ખરેખર ગૌરવ છે.

આ બિહારમાં ૨૫૦૦ વર્ષ પહેલાં વૈશાળીના એક ઉપનગર ક્ષત્રિયકુંડમાં—આજના બાસુકુંડમાં ભ. મહાવીરનો જન્મ થયો હતો. એ જમાનામાં રાજ્યશાસનમાં વૈશાળીનું મહત્ત્વનું સ્થાન હતું. લોકશાસનની રાજનૈતિક ચેતના ત્યાંથી જ પ્રવાહિત થતી. લિચ્છવી-ગણરાજ્યના ૭૭૦૭ રાજાઓની ત્યાં સભા હતી. તેનો પ્રમુખ રાજા ચેટક હતો અને ભ. મહાવીર તેના ભાણેજ થતા હતા.

આ વૈશાળીમાં તેમના જન્મસમયે બાર દિવસનો ઉત્સવ થયો હતો, પણ આજે મહાવીરની એ જન્મભૂમિને તેમના ઉપાસકો જાણતાય નથી. તેને શોધવાની પણ કોઇ સામૂહિક કોશિશ થઇ નથી એટલે ત્યાં કાંઇ સ્મારક પણ બન્યું નથી. એ લજ્જાસ્પદ ગણી શકાય.

પણ હમણાં હમણાં પાછલા બેએક વર્ષથી વ્યકિતગતરૂપે કાંઇક કોશિશ થઇ રહી છે. જન્મસ્થાનની શોધ પણ થઇ. સ્મારક માટે પણ થોડી જગા મળી છે. અને આ વર્ષે વૈશાળી સંઘ અજૈન હોવા છતાં મહાવીરની સૌથી પહેલી જયંતિ તેના સાચા જન્મસ્થાનમાં ઊજવે છે. એ ભારતીયતાનું ઘોતક છે. તે ધન્યવાદને યોગ્ય છે.

પણ મહાવીર અને બુદ્ધ બન્નેના અનુયાયીઓ સાથે મળીને એવું સ્મારક ઊભું કરે જેમાં બન્નેની મૂર્તિઓ એકસાથે હોવ અને બધા બન્નેની એકસાથે ઉપાસના કરે તો કેવું સારૂં ? બન્નેને માટે વૈશાળી મહત્ત્વનું સ્થાન છે, અને બન્નેની એકતાને માટે એ જરૂરી પણ છે.

આ વૈશાળીમાં મહાવીરે રાજધર્મની ઉપેક્ષા કરીને ત્યાગનો માર્ગ લીધો. કદાચ એટલા માટે જ હશે કે જેને જનતાની સેવા કરવી છે તે હકુમત નથી ચાહતો, બલ્કે જનતામાં હળીમળીને, જનતાથી પણ નીચે જઇને તેની આત્મચેતનાને જગાડવાની તે કોશીશ કરે છે. હકુમત જનતાની ઉપર ઉપર જ રહે છે, તેમાં હળીમળી શકતી નથી, એટલે જનતાના સુખ-દુ:ખોની અનુભૂતિ પણ તેને થતી નથી. એટલે મહાવીરે સેવા અને ત્યાગનો માર્ગ લીધો.

મહાવીરે ઇશ્વરરૂપે જન્મ લીધો કે મનુષ્યત્વનો વિકાસ કરતાં કરતાં ઇશ્વરત્વ પ્રાપ્ત કર્યું એ હું નથી જાણતો. હું એટલું જાણું છું કે તે વખતના આપણા જેવા લોકોથી અને આપણા જેવા

લોકોમાં તેમણે જન્મ લીધો. આપણા જેવા લોકોમાં તે ફર્યા અને ઉપદેશ આપ્યો.

જો એમને માનવીયે માની શકાય તો આપણને એક આશ્વાસન મળી શકે કે આપણા જેવી એક વ્યકિત આત્માનો વિકાસ કરતાં કરતાં કયાંની કયાં પહોંચી ગઇ! તો તો એમના માર્ગે અનુસરવામાં ઉત્સાહ પણ મળે અને એમનું જીવન આપણને સહાયક થાય.

પણ એમને ઇશ્વર માનીને જ ચાલીએ તો તે આપણાથી એટલા બધા ઊંચા અને દૂર થઇ જાય છે કે તેમના માર્ગે ચાલવું આપણા માટે અસંભવ બની જાય, આપણી હિંમત જ તૂટી જાય; છતાં પણ તેમને શું માનવા શું ન માનવા એ પોતપોતાની સમજની વાત છે.

ભ. મહાવીરે ઘરબાર છોડી દીક્ષા લીધી તેની અસર આખા ભારતમાં પડી હતી. તેનું વિશિષ્ટ કારણ છે. એક તો એ કે વૈશાળી ગણુરાજ્યના નેતા રાજા ચેટકનાં તેઓ ભાણેજ થતા હતા અને બીજું ચેટકની દીકરીઓ એટલે મહાવીરની બેનો તે વખતના મોટા મોટા જનપદોના રાજાઓને પરણી હતી. તેમાંની એક મગધના રાજા-શ્રેણિક બિંબિસારને, એક અવન્તિના પ્રદ્યોતને, એક સિન્ધુ-સૌવીરના ઉદયનને, એક કૌશાંબીનાં શતાનિકને, એક અંગ-ચંપાના દધિવાહનને. આ સંબંધને લીધે ભારતના એક છેડાથી બીજા છેડે સુધી મહાવીરના ત્યાગમાર્ગની આમજનતા ઉપર ભારે અસર પડી હતી.

તે વખતથી મહાવીરે સાડાબાર વર્ષ સુધી મૌન ધારણ કરી તપસાધના કરી. તેમાં ઘણાં દુઃખો વેઠયાં. વિહાર કરતાં કરતાં ચોર સમજીને તેમને પકડયા, અપરાધી ગણી કેદ કર્યા, સજાઓ મળી, મારપીટ કરી, કૂવામાં ડૂબાડયા, દોરડે બાંધ્યા, લોકોએ કૂતરા કરડાવ્યા, કાનોમાં ખીલા પણ ઠોકયા. પણ મહાવીરે મૌન બનીને બધી યાતનાઓ સહન કરી, કયારેય કોઇને કશી ફરિયાદ કરી નહિ. બલ્કે યાતના સહન કરવામાં જ કૃતાર્થતા અનુભવી.

અને તપની વિક્રિયા પણ પોતાનામાં પેદા થવા દીધી નહિ. અર્થાત્ લોકોથી નારાજ, વિમુખ કે ઉદાસીન થઇને શુષ્ક તાપસ બની ગયા નહિ. બલ્કે શરૂથી જ બીજા તરફ સસ્નેહ, સહૃદય રહ્યા. માતાપિતાને કષ્ટ ન થાય એટલા માટે એમણે નિશ્ચય કર્યો હતો કે માતાપિતા જ્યાંસુધી જીવે છે ત્યાંસુધી હું દીક્ષા નહીં લઉં. પાછળથી મોટાભાઇનું દુઃખ જોઇને તેમના આગ્રહથી બે વર્ષ તેમની સાથે પણ રહ્યા. એમના એક શિષ્ય ગોશાળકની બાલીશતાને કારણે તેમણે તપસ્વીજીવનમાં ઠેકાણે ઠેકાણે યાતનાઓ અનુભવી, પણ ગોશાળકને કયારેય કશું કહ્યું નથી. એક વખત તપસ્વીજીવનમાં ફરતાં ફરતાં અચ્છંદક તાપસ રહેતો હતો ત્યાં મહાવીર આવ્યા. ત્યાંના લોકો અચ્છંદકનો આદર કરતા, તેને શ્રદ્ધાથી માનતા, પણ મહાવીર ત્યાં આવ્યા ત્યારે લોકો મહાવીર તરફ ઢળ્યા અને અચ્છંદક તરફ ઉદાસીન થવાં લાગ્યાં. આમ બનતાં એક દિવસે અચ્છંદકે આવીને કહ્યું: "તમે તો તપસ્વી છો, જ્યાં જશો ત્યાં તમને આદર મળશે પણ મારું તો આ એક જ સ્થાન છે. આપ આવ્યા ત્યારથી લોકો મારા તરફ ઉદાસીન થવા લાગ્યા છે." આ સાંભળીને ભગવાન ત્યાંથી બીજે સ્થાને ચાલ્યા ગયા. આ રીતે પોતે કષ્ટ ઉઠાવીને પણ બીજાઓ તરફ તેમણે હમેશાં સ્નેહપૂર્વક સહાનુભૂતિ બતાવી.

એમાં એમણે કોઇ જાતિભેદ પણ ગણ્યો નથી. બલ્કે જાતિભેદ તોડવા માટે ભરચક પ્રયત્ન કર્યો છે. તેમના શિષ્યો અને અનુયાયીઓમાં બધી જાતના માણસો હતા. સદાલક કુંભાર હતો, હરિબળ માછીમાર હતો. મેતાર્યમુનિ હરિજન-તે વખતના ચંડાળ-કુળના હતા. ભગવાન કહેતા: "**अन्नन्नदेस जाया, अन्नन्नाहारवड्डियसरीरा। जिणसासणपन्नत्ता, सव्वे ते बंधवा भणिया।**" ગમે તે દેશમાં જન્મ્યો હોય, ગમે તે ખાધુંપીધું હોય પણ મારા ધર્મમાં બધા ભાઇ-ભાઇ છે.

તે બધાનો કલ્યાણમાર્ગ સોચતા રહ્યા. '**के हं आया? केओ इओ चुओ, इह पेच्चा भविस्सामि**' આ આત્મા શું છે? કયાંથી આવ્યો? કયાં જવાનો? કયાં કયાં છે? વિચાર્યું. મનુષ્યોમાં, પશુમાં, વનસ્પતિમાં આખા વિશ્વમાં એક સરખો-મારા જેવો આત્મા છે. તેમણે નિશ્ચય કર્યો કે, હું એવી કોઇ ચેષ્ટા નહીં કરું જેથી બીજાને તકલીફ પહોંચે; બલ્કે બીજા આત્માને તકલીફથી બચાવવા માટે હું મારી જાતને જ સંયમમાં રાખીશ. ધર્મનું એ જ મૂળ છે.

એમણે સિદ્ધાંત બનાવ્યો-**सव्वाओ पाणाइवायाओ वेरमणं. सव्वाओ मुसावायाओ वेरमणं। सव्वाओ अदिण्णादाणाओ वेरमणं। सव्वाओ परिग्गहाओ वेरमणं!** બધા પ્રકારની હિંસાનો ત્યાગ કરીશ. બધા પ્રકારના અસત્ય, અદત્તાદાન છોડીશ, બધા પરિગ્રહનો ત્યાગ કરીશ. હિંસાનું સૂક્ષ્મ લક્ષણ બતાવ્યું કે, **अन्यस्य दुःखोत्पादन हिंसा!**' બીજાને કષ્ટ આપવું એ હિંસા છે. પરિગ્રહનું લક્ષણ કહ્યું: **मूर्छा परिग्रहः।** મોહ મમતા જ પરિગ્રહ છે.

તેમણે કહ્યું:-"કોઇને મારવાની કે કોઇની ચીજ લઇ લેવાની ચેષ્ટા થશે તો તેની પ્રતિક્રિયા સામા માણસમાં પણ થશે, એથી ઇર્ષ્યા-દ્વેષ વધશે, મારફાટ અને લડાઇઓ થશે. તેથી સમાજમાં અશાંતિ વધશે. એટલે હિંસા અને પરિગ્રહ છોડવાં જોઇએ. સ્વાર્થ અને મમત્વની ભાવનાને નિર્મૂળ કરવામાં જ શાંતિ છે. એટલે મારું જે કાંઇ કહી શકાય તે બધું એમણે છોડયું અને સાચા અર્થમાં નિર્ગ્રન્થ અને નિષ્પરિગ્રહી થઇને વિશ્વપ્રેમની સાધનામાં લાગ્યા. એ રીતે સાધના કરતાં કરતાં શરીરની પણ મમતા છોડી. સાડાબાર વર્ષમાં તેમણે કેવળ ૩૪૯ દિવસ ભોજન લીધું. બાકીના સાડા અગીઆર વર્ષથી પણ વધારે વખત નિર્જળ, નિરાહાર રહી, તપ કરતાં કરતાં લોકોમાં ભમીભમીને સંસારને એ સાબિત કરી બતાવ્યું કે માણસને માંસભોજન તો શું, શરીરને ટકાવવા માટે આહારની પણ ઓછામાં ઓછી જરૂર છે. તેમની તપસ્યા આ પ્રમાણે છે. ૧ છમાસિક તપ, ૧ પાંચ દિવસ ઓછા છમાસ, ૯ ચારમાસિક, ૨ ત્રેમાસિક, ૨ અઢીમાસિક, ૬ બેમાસિક, ૨ દોઢમાસિક, ૧૨ માસિક, ૭૨ પાક્ષિક, ૧ સોળ દિવસ, ૧૨ ત્રણ દિવસ, અને ૨૨૯ બે દિવસ (છઠ). એક સાથે બે દિવસ તો એમણે કયારેય ભોજન લીધું જ નથી.

આ કારણે તે સમયે તેમના તપનો લોકો ઉપર ભારે પ્રભાવ પડયો હતો. ભ. બુદ્ધ ઉપર પણ એમના તપ અને ત્યાગનો ભારે પ્રભાવ પડયો છે. પિટકગ્રંથમાં આપણે જોઇએ છીએ કે જ્યાં જ્યાં મહાવીરનો પ્રસંગ આવ્યો છે ત્યાં ત્યાં ઠેકાણે ઠેકાણે બુધ્ધે હમેશાં મહાવીરને '**दिघ तपस्सी निग्गंथ नातपुत**' કહીને જ બોલાવ્યા છે.

બરાબર સાડા બાર વર્ષ પછી એક દિવસ ઋજુવાળુકા નદીને કાંઠે, શ્યામાક ગૃહપતિના ઉદ્યાનમાં શાલવૃક્ષ નીચે ભગવાન ધ્યાન કરતા બેઠા હતા. તે જ વખતે એમને ખબર પડી કે પાવામાં સોમિલ બ્રાહ્મણે મહાયજ્ઞ આદર્યો છે. હજારો પશુઓની તેમાં બલિ ચડાવવાની છે. ઇંદ્રભૂતિ આદિ વૈદિકધર્મના નેતાઓ ત્યાં આવેલા છે અને તેમની અધ્યક્ષતામાં યજ્ઞ થવાનો છે.

ત્યારે એમણે વિચાર્યું કે ધર્મના નામે આટલા બધાં નિરપરાધી પશુઓની હત્યા શી રીતે થઇ શકતી હશે? એમનો આત્મા અંદરથી કકળી ઊઠયો. તે જ વખતે તેઓ બારજોજન રસ્તો કાપીને એકદમ ત્યાં પહોંચ્યા. ઇદ્રભૂતિ આદિને સમજાવ્યા ત્યારે તે બધા પંડિતો પોતપોતાના પરિવારો સાથે મહાવીરના શિષ્ય થઇ અહિંસાના પ્રચારક બની ગયા.

એમના હૃદયમાં સ્નેહ હતો અને બુદ્ધિમાં સમન્વય હતો. પોતાના વિચારોને ઉદાર રાખીને બીજાઓને એમની દૃષ્ટિએ સહાનુભૂતિપૂર્વક સમજવાની ક્ષમતા અને પોતામાં મેળવી લેવાની શક્તિ જેમાં પ્રકટ થાય છે તે છે સમન્વયદૃષ્ટિ. મહાવીરની આવી સમન્વયાત્મક દૃષ્ટિ યા સ્યાદ્વાદ ભારતીય ધર્મ અને તત્ત્વજ્ઞાનોની અસંગતિને મટાડી તેમાં પરસ્પર એકતા સ્થાપન

કરનારી–મહાવીરે ભારતને આપેલી સૌથી મોટી ભેટ છે. આવી સમન્વયાત્મક બુદ્ધિ શુદ્ધ–એકાંત સ્નેહમાંથી જ પ્રકટ થાય છે. સ્નેહ, સહાનુભૂતિ અને અહિંસાની વ્યાપક નિષ્ઠાએ ઇંદ્રભૂતિ જેવા અદ્‌ભુત તાર્કિક નેતાઓને પણ પોતાની તરફ વાળી લીધા હતા.

આ જમાનામાં જેઓ ગાંધીજીને સાંભળ્યા સમજ્યા છે તેમને સમજવું મુશ્કેલ નથી કે મોટા મોટા બુદ્ધિમાન રાજનીતિજ્ઞો પણ એમના હૃદયની ભાવના પાસે ઝૂકયા છે અને અનુગામી થયા છે.

આ અગિયાર નેતાઓ પોતપોતાની શિષ્ય મંડળીઓ સાથે–લગભગ ૪૫૦૦ પંડિતો સાથે મહાવીરની અહિંસાના પ્રચારક બન્યા ત્યારે આખા દેશમાં ખળભળાટ થઇ ગયો હતો. અહિંસાનું દેશવ્યાપી આંદોલન ઊઠયું અને અહિંસાની વ્યાપકતા ચારેતરફ ફેલાઇ ગઇ.

તે પછી પણ તેઓ ત્રીસ વર્ષ સુધી નિરંતર ગામેગામ ફરી ફરીને અહિંસાનો જ પ્રચાર કરતા રહ્યા. મ્લેચ્છોમાં, અનાર્યોમાં ગયા અને બધાને કહેતા રહ્યા: "મારો આ ધર્મ છે, મારૂં આ જીવન છે.' મનુષ્યથી માંડી વનસ્પતિ સુધી આત્મા છે. તે બધા સાથે અહિંસા અર્થાત પ્રેમથી વર્તાવ કરવો જોઇએ. **मित्ति मे सव्वभूएसु वेरंमज्झ न केणइ।** બધા સાથે મારે મૈત્રીભાવ છે, કોઇ સાથે મારે અપ્રેમ નથી. **धम्मो मंगलमुक्किट्ठो अहिंसा संजमो तवो'** મારો ધર્મ તો અહિંસા, સંયમ અને તપ છે. તમે પણ એ રીતે જીવન બદલો. જનશાંતિ અને વિશ્વપ્રેમનો એ જ માર્ગ છે.

તે વખતે પુસ્તકો કે શાસ્ત્રો નહોતાં, આચરણ જ સામે હતું. પાછળથી એમનો ઉપદેશ ધર્મશાસ્ત્ર બની ગયાં. તેનો અર્થ કરી સમજાવવા માટે ટીકા–વ્યાખ્યાઓ બની. તેના ઉપર બુદ્ધિની તર્ક-પરંપરા સમય સમય પર વધતી રહી. આજે એનાં સેંકડો શાસ્ત્રો છે. તોપણ આપણે એમના જીવનને સાચા સ્વરૂપે સમજી શકયા છીએ કે નહીં એ કહેવું મુશ્કેલ છે.

દાખલા તરીકે સમજી લઇએ કે દવાની એક સુંદર શીશી છે. તેને જોઇને આપણે વિચારવા લાગ્યા કે કેવી સુંદર શીશી છે? કેવો સરસ તેનો રંગ છે? આ કોણે બનાવી હશે? કેવી રીતે બનાવી હશે? કયાં બની હશે? બનાવવાવાળા કેવા હશે? દેવ હશે કે મનુષ્ય હશે? અહીંયાં એ શી રીતે આવી? સ્ટીમરથી રેલથી કે ટપાલથી? સ્ટીમર શી રીતે બની? રેલ શી રીતે ચાલી? વગેરે વગેરે. આ રીતે દવા ઉપરથી શીશી, રેલ સ્ટીમર અને ટપાલની પરંપરા ચાલી. પણ દવા શીશીમાં બંધ છે. અસ્પષ્ટ અને અસ્પૃષ્ટ–બરાબર એ જ રીતે ભગવાનના જીવન ઉપર તર્ક ચાલ્યા છે. તેમનું શરીરવર્ણન, દેવાગમન, સમવસરણ, ઉપદેશ અને તેના ભેદાનુંભેદ સેંકડો ગ્રંથોમાં વર્ણવ્યા છે. પણ તેમનું જીવન શબ્દ અને તર્કની પેલે પાર પડયું રહ્યું. તેની અનુભૂતિ થઇ ન શકી. આજે પણ શબ્દ અને તર્કની ભૂલભૂલામણીમાં આપણે ચક્કર લઇ રહ્યા છીએ પણ તેમના જીવન સુધી પહોંચવાનો રસ્તો મળતો નથી.

આ તર્કોને આધારે આજે એમના ઉપાસકોમાં અનેક સમ્પ્રદાયો બની ગયા છે. જ્યારે સંપ્રદાય બને છે ત્યારે એમાં અહંકાર આવે છે. તેથી આત્મા ભ્રાંત બને છે, અને સત્ય ઓળખાતું નથી. બલ્કે આગ્રહ અને અહંકારને સત્ય સમજાવવામાં આવે છે. ધર્મ સત્ય સાથે સંબંધ રાખે છે પણ સંપ્રદાય ખેંચ ઉપર ટકેલો છે. એટલે ધર્મનો જ્યારે સંપ્રદાય બને છે ત્યારે ધર્મ તેમાંથી ઉડી જાય છે. પછી શબ્દોને પકડી પકડીને તર્ક અને ધનથી પરસ્પર એકબીજા ઝઘડયા કરે છે.

સંપ્રદાયવાદથી જરા ઉપર ઊઠીને મહાવીરના ઉપાસકો ઉપર એક નજર નાખીએ તો શું દેખાય છે? તેમના ઉપાસકો અનેક છે. તેમના સિદ્ધાંતોનો સવાર–સાંજ પાઠ કરે છે. છતાં અનેક ટુકડાઓમાં વહેંચાઇને તેઓ શીર્ણ-વિશીર્ણ થતા જાય છે. સમન્વય દૃષ્ટિનો તેમનામાં અભાવ છે, અને એકતા કયાંકછે તે દેખાતી નથી.

મહાવીરનો ધર્મ એક વર્ગધર્મ બની ગયો છે. વર્ગધર્મ થવાને કારણે તે સંસ્કૃતિ ન બની શકયો, માત્ર તત્ત્વજ્ઞાનરૂપે જ રહી ગયો. સંસ્કૃતિ તો કહેવાત જો તેને જનતાનો જીવનધર્મ બનાવી શકાયો હોત. સંસ્કૃતિ તેને કહી શકાય–આખો દેશ કે ભૂખંડમાંની બધી જાતિઓ અને બધી શ્રેણિઓના લોકો એક જ ધર્મના સિદ્ધાંતોને માનતા હોય. પણ મહાવીરના ધર્મમાં તો એવું દેખાય છે કે તેને એક વર્ગમાં રૂંધી લીધો છે બલ્કે એમાં જ ગર્વ લેવાય છે અને વ્યાપક બનતો રોકવામાં આવે છે.

વર્ગનો પણ તે વાસ્તવિક ધર્મ અર્થાત્ આચરણરૂપ જીવન–ધર્મ બન્યો હોત તો તો મહાવીરના ઉપાસકોની સંસારમાં ખૂબ પ્રતિષ્ઠા હોત. અમુક વર્ગ મહાવીરનો ઉપાસક છે એટલે તે કયારેય કોઇને કષ્ટ નહીં આપે, અસત્ય નહીં બોલે, પરિગ્રહ નહીં વધારે, કોઇની સાથે ઠગાઇ નહીં કરે, તેની દુકાન ઉપર એક તોલ, એક માપ, એક ભાવ હશે, સંસારના હિતમાં તે ત્યાગપૂર્ણ રહેશે અને લોકહિતમાં પોતાને નિઃશેષ બનાવતો રહેશે.

પણ જોવાય તો એવું છે કે સિદ્ધાંતોમાં જે ધર્મ સૌથી અધિક ત્યાગપ્રધાન છે તે આચરણમાં પરિગ્રહનો ધર્મ બનેલો છે. The more acetic a religion, the riche its community. જે ધર્મ અધિક ત્યાગપ્રધાન હોય છે તેનો સંપ્રદાય અધિક સંગ્રહશીલ થઇ જાય છે. અર્થાત્ તે સમાજમાં ત્યાગની પ્રતિક્રિયા થઇ ને વિકૃતિ ફેલાઇ જાય છે. આજે મહાવીરના મંદિરો, ઉપાશ્રયો, વધારેમાં વધારે પરિગ્રહના પ્રતીક દેખાય છે.

ઉપાસકો કહે છે કે શરીર અનિત્ય છે, લક્ષ્મી ચંચળ છે. બાહ્ય પદાર્થ બધા નશ્વર છે. પણ મુકાબલાને વખતે એ જ સત્ય અને શાશ્વત મનાય છે. ધર્મ અને આચરણમાં આટલી અસંગતિ શા માટે છે? તેના ઉપદેશકોમાં એ શક્તિ કેમ નથી કે અનુયાયીઓમાં ત્યાગ અને અહિંસાની ચેતના જગાડે?

એક હીટલરે કે એક સ્ટેલિને કરોડો જર્મનો કે રશિયનોમાં એવી ચેતના જાગ્રત કરી કે તન, મન, ધન, પરિવાર, અરે, પોતાનું જે કાંઈ કહી શકાય તે બધું તેઓ ફના કરવા લાગી ગયા અને પોતાના સિદ્ધાંતોને જીવનમાં ચરિતાર્થ કરી બતાવ્યા.

એમને આપણે ક્રૂર, ઘાતકી, પાશવી કહીને તિરસ્કાર કરી આપણી દુર્બળતા છુપાવી શકીએ. પણ એથી અહિંસાને સબળ નહીં બનાવી શકીએ. દોષારોપણથી સદ્‌ગુણ નથી આવતા. અહિંસાની સબળતા તો ત્યારે દેખાત કે જ્યારે જીવન–મરણનો પ્રસંગ આવ્યો અને હિંસાઅહિંસાની શક્તિ સાબિત કરવાનો પ્રસંગ મળ્યો ત્યારે અહિંસાની પ્રતિષ્ઠાને માટે બધાનું, શરીરનું પણ વિસર્જન કરી શકયા હોત. વિસર્જન કર્યું તે પણ કાયરતા બતાવીને કર્યું. તેમાં અહિંસા ધર્મને–મહાવીરના સિદ્ધાંતોને–કલંક જ લાગ્યું.

પણ ભ. મહાવીર પછી ૨૫૦૦ વર્ષે આપણી આંખો સામે એક એવી પ્રતિભાવાન વ્યક્તિ થઇ જેણે મહાવીરની અહિંસાને અધ્યાત્મથી આગળ લઇ જઇને રાજધર્મમાં અનુપ્રાણિત કરી અને જેણે દેશની અને વિદેશની ઘોર હિંસાના મુકાબલામાં અહિંસાની પ્રતિષ્ઠા માટે જીવન સમર્પિત કર્યું; આખા વિશ્વમાં અહિંસાની પ્રતિષ્ઠા સ્થાપિત કરી.

ખરી રીતે તો અહિંસાનું આ ઋણ ભગવાન મહાવીર પછી એમના ઉપદેશકો ઉપર હતું. આ ઋણ પોતાના સમસ્ત જીવનથી ગાંધીજીએ ચુકાવ્યું, તોપણ મહાવીરના ઉપદેશકોએ તેમાં હિસ્સો ન આપ્યો. આનું મૂળ આપણામાં ઘર કરી રહેલી સાંપ્રદાયિકતા છે. સાંપ્રદાયિકતા આથી વધીને બીજી શી હોઇ શકે! એ સાંપ્રદાયિકતાએ મહાવીરના ઉપાસક વર્ગમાં અહંકાર પેદા કર્યો અને એણે જ અહિંસાના સિદ્ધાંતોને તેના સાચા સ્વરૂપમાં સમજવા ન દીધા; અગર મહાવીરના વારસદારો અહિંસા ધર્મની પ્રતિષ્ટાના ઋણમાં હિસ્સો આપત તો રાષ્ટ્રને એક આશ્વાસન મળત અને મહાવીરના ઉપાસકોનું ગૌરવ વધત.

હજી પણ જે કાંઇ બાકી છે તેમાં હિસ્સો આપવાનો એમને વખત છે.

**ફતેહચંદ બેલાણી**